ફાઈલ તારીખ: ૧૧/૦૩/૨૦૨૬
દાખલ તારીખ: ૧૧/૦૩/૨૦૨૬
ફેસલ તારીખ: ૧૬/૦૩/૨૦૨૬

सत्यमेव जयते

**ભરૂચના મે. પાંચમા એડી. સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ:ભરૂચ.**

**ક્રિ.પ.અ.નં. ૧૮૮/૨૦૨૬**
**આંક–**

**અરજદાર/આરોપી:– કમલા પ્રસાદ રાજેશ હરિનારાયણ સંતુપ્રસાદ**
રહે.પુરાના થાના વિસ્તાર,નવાબગંજ,
પોસ્ટ–ચૌગોડવા, તા.નનપારા,જી.બહરાઈચ.
હાલ–સબજેલ,ભરૂચ.

**વિરુધ્ધ**

**સામાવાળા:– સરકારશ્રી**

**બાબત:– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

| |
|---|
| અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ.એ.પટેલ<br>સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.પરમાર |

**<u>–:ચુકાદો:–</u>**

૧. ભરૂચ 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૯૦૧૦૨૫૦૮૬૪/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧), ૩૧૧, ૨૩૮(એ), ૬૧, ૧૨૩ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તરફે ચાર્જશીટ પછીની આ પ્રથમ જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

૨. અરજદાર/આરોપીના વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા,ત.ક.અ.શ્રી તરફે રજુ આંક–૫ નુ સોગંદનામુ તથા આરોપી તરફે આંક–૦૩ ના લીસ્ટથી રજુ દસ્તાવેજો ઘ્યાને લીધા.

૩. અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીની મુખ્ત્યવે એવી દલીલ છે કે,આ કામના અરજદાર/આરોપી વિરુઘ્ઘ ભરૂચ 'એ' ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૯૦૧૦૨૫૦૮૬૪/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧), ૩૧૧, ૨૩૮(એ), ૬૧, ૧૨૩ મુજબનો ગુનો તા.૧૭/૦૮/૨૦૨૫ ના રોજ દાખલ થયેલ છે અને અરજદાર/આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને ચાર્જશીટ દાખલ થયા પછી રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની આ પ્રથમ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે,અરજદાર/આરોપી સામે નોંધવામાં આવેલ ગુનાના કામે સંપુર્ણ તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને ગુનાને સાકંળતો કોઇ પારદર્શક પુરાવો મળી આવેલો ન હોવા છતાં ખોટી રીતે તેઓની ધરપકડ કરવામાં આવેલી છે. વધુમાં તેઓની રજુઆત છે કે,કહેવાતો કોઈ મુદા્માલ અરજદાર/આરોપી પાસે તેઓની માલિકીની કસ્ટડીમાંથી મળી આવેલ ન હોય જેથી અરજદાર/આરોપી નિર્દોષ છે અને આવો કહેવાતો કોઈ ગુનામાં સીધો કે આડકતરો ભાગ ભજવેલો નથી. વધુમાં તેઓની રજુઆત છે કે,આ કામે મરણજનાર હાલના અરજદાર/આરોપીએ માર મારેલ હોય તેવો પ્રત્યક્ષ પુરાવો કે કોઈ ચિહ્ન મળી આવેલ નથી અને માત્ર પ્રીઝમ્સનના આધારે આરોપીની ધરપકડ કરવામાં આવેલ છે. વધુમાં રજુઆત છે કે,સમગ્ર ચાર્જશીટ

જોતા કહેવાતા સી.સી.ટીવી કુટેજમાં હાલના અરજદાર/આરોપી ફોરવ્હીલ ગાડી ચલાવતા હોય તેવી કોઈ હકીકત ખુલેલી નહી અને આવા ઈલેકટ્રીક ડીવાઈઝ જયા સુધી પુરવાર ના થાય ત્યાં સુધી યોગ્ય ગણી શકાય નહી જે હકીકત પુરાવાનો વિષય હોય આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, ચાર્જશીટ મુજબ મામલતદાર સાહેબ રૂબરૂ ઓળખ પરેડ કરવામાં આવેલ હોય પરંતુ તે કાયદેસરની ન હોય તેમજ સમગ્ર ચાર્જશીટ જોતા અરજદારે ગુજરનારનુ મોત નિપજાવેલ હોય તેવો એક પણ આઈવીટનેશ તપાસ દરમ્યાન મળી આવેલ ન હોય અને માત્ર સગાસંબંધીઓના નિવેદનના આધારે આરોપીની ધરપકડ કરવામા આવેલ છે તેમજ ચાર્જશીટ મુજબ આરોપીને ગુનામાં સાંકળવા માટેની કોઈ સાચી કડી મળી આવેલ નથી. આરોપી કોઇ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી અને મહેનત મજુરી કરી ગુજરાન ચલાવે છે અને કુટુંબ સાથે રહેતા હોય નાસી ભાગી જાય તેમ નથી. નામ. કોર્ટ જણાવે તે તમામા શરતોનુ પાલન કરવા તૈયાર હોય આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ની આઈ.ઓ.ના આંક–૫ ના સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી ગુનાની હકીકત બાબતે જણાવેલ છે કે,હાલના અરજદાર/આરોપીનાઓ આ કામના મરણજનાર પ્રકાશભાઈ પુનમાજી માલી કે જેઓ રામદેવ કેટરર્સના નામથી કેટરીંગનું કામ કરતા હતા તેમને ત્યાં કેટરીંગનુ કામ કરતો હતો અને હાલના અરજદાર/આરોપીને ઉતરપ્રદેશ ખાતે '' જીલ્લા પંચાયત સદસ્ય પદ'' માટેની નિર્દલીય(અપક્ષ) ચુંટણી લડવાની ઈચ્છા હોય અને ચુંટણી લડવા માટે આ કામના અરજદાર/આરોપી પાસે પુરતા રૂપિયા ના હોય અને આ કામના મરણજનારની પાસે રૂપિયા છે જે બાબતની આ કામના અરજદાર/આરોપીને ખબર હોય અને જે બાબતે તેમણે વતનમાં ગયેલ ત્યારે બાજુના ગામનો મિત્ર આ કામના સહ આરોપી છોટકાઉ ઉર્ફે નફીસ ઉર્ફે સલીમ ઉર્ફે રાજુ સદરુ

નાઓ કે જેણે અગાઉ ગુના કરેલ હોય તેમની મદદ લઈ તેમને સાથે રાખી બંને આરોપીઓએ પુર્વ તૈયારી કરી આ કામના સહ આરોપીના કહેવા મુજબ અરજદાર/આરોપીએ તા.૩૦/૦૭/૨૦૨૫ ના રોજ પોતાનો મોબાઈલ સ્વીચ ઓફ કરી તથા સહ આરોપીએ પોતાની પાસે મોબાઈલ ના રાખી બંને આરોપીઓ પોતાના ઘરેથી ગુજરાત ખાતે આ કામના મરણજનાર પ્રકાશભાઈ માળીની પાસે આવી તેમની ત્યાં કામ ઉપર રહી આ કામના મરણ જનારની પત્ની પોતાના વતન રાજસ્થાન ખાતે બાળકો સાથે તહેવાર મનાવવા જતા આ કામના મરણજનાર ઘરમાં એકલા હતા જેમનો ફાયદો ઉપાડી બંને આરોપીએ નકકી કરી આ કામના સહ આરોપીએ નજીકની કોઇ મેડીકલ સ્ટોર ઉપરથી ઉંઘની ગોળી લાવી આ કામના મરણજનારને બે વખત ચા મા ઉંઘની ગોળી નાખી ચા પીવડાવી આ કામના મરણજનાર અર્ધ-ભેબાન હાલતમાં સોફા ઉપર બેસેલ હતા જેમને નીચે જમીન ઉપર પાડી આ કામના અરજદાર/આરોપીએ મરણજનારનું બંને હાથથી ગળુ દબાવી શ્વાસ રૂધાવી આ કામના મરણજનારનું મોત નીપજાવી આ કામના મરણજનારના હાથ પગ કાપડના ચિતરૂ (ચિથરૂ) થી બાંધી આ કામના મરણજનારના ઉપરના માળના ઘરમાંથી (૧) ૨ તોલાની સોનાની ચેઈન કિં.રૂા.૧,૯૦,૦૦૦/- તથા (૨) ૯,૫૦,૦૦૦/- રૂપીયા રોકડા તેમજ (૩) હીસાબનો ચોપડો કિં.રૂા.૦૦/- (૪)મરણ જનારના બે મોબાઈલ જેમાં એક વીવો કંપનીનો એક્ષ ૬૦ મોડલનો જેની કિં.૫૦૦૦/- તથા બીજો એક મોટારોલા કંપનીનો edge 60 fusion જેની કિં.રૂા.૫૦૦૦/- ની તથા ઘરમાં લગાવેલ સી.સી. ટીવી કેમેરાના ડીવીઆર કિં.રૂા.૫૦૦૦/- ની લુંટ કરી મરણજનારની ઈકકો ગાડી જેનો રજી.નં.જી.જે.-૧૬-બીબી-૮૭૬૩ જેની કિં.રૂા.૩,૦૦,૦૦૦/- ની લઈ નાશી ગયેલ આમ આ કામના બંને આરોપીઓએ પુર્વ આયોજીત કાવતરૂ રચી આ કામના મરણજનારને જાનથી મારી નાખી તેમના ઘરમાં કિં.રૂા. ૧૪,૫૫,૦૦૦/- ની લુટ કરી નાશી જઈ બી.એન.એસ.ની કલમ-૧૦૩(૧), ૩૧૧, ૨૩૮(એ), ૬૧, ૧૨૩

મુજબનો ગુનો આચરેલ છે. વધુમાં રજુઆત છે કે,આ કામે આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલ છે તેમજ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબ મેજીસ્ટ્રેટ રૂબરૂ સાહેદોના નિવેદનો લેવામાં આવેલ છે. વધુમાં રજુઆત છે કે, આ કામના આરોપીઓ મરણજનારના ઘરમાં કામ કરતા હતા તેવા નિવેદનો મરણજનારની પત્ની તથા દીકરીએ આપેલ છે તેમજ તપાસ દરમ્યાન આરોપીઓએ પુર્વ કાવતરૂ રચી હાલના અરજદાર/આરોપીએ પોતાનો મોબાઈલ તા.૩૦/૦૭/૨૦૨૫ થી બનાવ તારીખ સુધી બંધ રાખેલ જે આરોપીના મોબાઇલના સી.ડી.આર. કોલ ડીટેઈલ પરથી ખુલેલ છે. વધુમાં રજુઆત છે કે,અરજદાર આ કામના મરણજનાર સાથે સંપર્કમાં હતો તથા અગાઉ તેમના ઘરે કામ કરતો જે સી.ડી.આર. ડીટેઈલમાં સ્પષ્ટ જણાય છે. વધુમાં રજુઆત છે કે, હાલના ગુનાના આરોપીઓ મરણજનારનુ ખુન કરી લુટ કર્યા બાદ તેમના ઘરમાંથી રાત્રીના સમયે નીકળતા દેખાય છે જે સી.સી.ટીવી કેમેરા સ્પષ્ટ જણાય છે તેમજ આરોપીઓ મરણજનારની ઈકકો ફોરવ્હીલર ગાડી લઈ નાસી ગયેલ જે સી.સી.ટીવી કેમેરા માં જણાય આવે છે જે ગાડી હાઈવે પરથી કબજે કરવામાં આવેલ છે. વધુમાં રજુઆતછે કે, સાહેદે હિતેશકુમાર ઈન્દ્રવદનભાઈ રાણાના નિવેદન મુજબ સહ આરોપી છોટકાઉ ઉર્ફે સલીમ તેમની મેડીકલ દુકાનેથી બનાવના સમય પહેલા ઉઘની ગોળી માટે પુછવા આવેલ હતો તેવી હકીકત ખુલેલી છે અને આરોપી ઉતરપ્રદેશના હોય જો જામીન મુકત કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહી તેમજ અગત્યના પુરાવાને નાશ કરે તેમ હોય અને સહ આરોપી પકડવાના બાકી હોય ગુનાની ગંભીરતા ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. આરોપી સામેના આક્ષેપીત ગુનાનો રોલ ધ્યાને લેવામાં આવે તો,હાલના અરજદાર/આરોપી મરણજનારને ત્યાં કેટરીંગનુ કામકાજ કરતા હોય અને હાલના અરજદાર/આરોપી ઉતરપ્રદેશ ખાતે જીલ્લા પંચાયત સદસ્ય પદ માટે ચુંટણી લડવા માંગતા હોય તેઓને

રૂપિયાની જરૂર હોય અને મરણજનાર પાસે રૂપિયા છે તે અંગેની જાણ અરજદાર/આરોપીને હોય તેઓએ આ ગુનાના સહ આરોપી સાથે મળી ગુનાહીત કાવતરુ રચી પુર્વ તૈયારી કરી હાલના અરજદાર/આરોપીનાઓ બનાવના સમય ગાળા દરમ્યાન પોતાનો મોબાઈલ સ્વીચ ઓફ કરી આ કામના મરણજનારને ત્યાં કામ ઉપર રહી મરણજનાર ઘરમા એકલા હતા તે સમયે સહ આરોપી મેડીકલ સ્ટોર ઉપરથી ઉંઘની ગોળી લાવી મરણજનારને ચા માં ઉંઘની ગોળી નાખી ચા પીવડાવી મરણજનાર અર્ધબેભાન અવસ્થામાં સોફા પર બેસેલા હતા તેમને જમીન પર પાડી મરણજનારના મોઢામાં બટાકુ નાખી બંને આરોપીઓએ મરણજનારના હાથ પગ પકડી રાખી સોફાના કવરથી ડુચો બનાવી મોઢા ઉપર દબાવી રાખી હાલના અરજદાર/આરોપીએ મરણજનારનુ બંને હાથથી ગળુ દબાવી શ્વાસ રૂધાંવી મરણજનારનુ મોત નીપજાવી ઘરમાંથી સોનાની ચેઈન તથા રોકડ રકમ તથા મોબાઈલની ચોરી કરી મરણજનારના ઘરમાં જે સી.સી.ટીવી કેમેરા લાગેલ જેનુ ડી.વી.આર. કાઢી લઇ સાથે લઇ જઈ વિશ્વાસામિત્રી નદીમાં નાખી પુરાવાનો નાશ કરી તેમજ મરણજનારની ઈકો ફોરવ્હીલ ગાડી લઇ લુંટ કરી નાસી જઇ ગુનો કરેલાનુ આક્ષેપ છે. આ કામે પોલીસ પેપર્સ જોતા,મરણજનારની ઈકકો ગાડી બિનવારસી હાલતમાં મળી આવેલ તેનુ પંચનામુ છે જેમાં મરણજનારના દસ્તાવેજો મળી આવેલ છે તેમજ હાલના અરજદાર/આરોપીનું ઓળખ પરેડનું પંચનામું કરાવેલ છે જેમાં સાહેદ જૈમીનભાઇ રાકેશભાઇનાઓએ હાલના અરજદાર/આરોપીને ઓળખી બતાવેલછે. વધુમાં મરણજનારની પી.એમ. નોટ જોતા કોઝ ઓફ ડેથ શ્વાસ રૂધાવાને કારણે મરણ થયેલાનુ જણાય છે. વધુમાં સાહેદોના નિવેદનો જોતા હાલના અરજદાર/આરોપી મરણજનારને ત્યાં કામ કરતા હતા તેવી વિગતો ખુલેલી છે. વધુમાં સાહેદ જૈમીનભાઇ રાકેશભાઈ પટેલના નિવેદન મુજબ બનાવના દિવસે તેઓએ મરણજનારને ત્યાં ગયેલા તે વખતે મરણજનારની સાથે અન્ય બે હિન્દી ભાષી માણસો હતા જે પૈકી હાલના અરજદાર/આરોપીને તેઓએ ઓળખ પરેડમાં ઓળખી

બતાવેલ છે. વધુમાં પોલીસે મોબાઈલના સીડી.આર. મેળવેલા છે અને પોલીસ એફીડેવીટ મુજબ હાલના અરજદાર/આરોપી મરણજનારના સંપર્કમાં હતા તેવી હકીકતો ખુલેલી છે. વધુમાં પોલીસ પેપર્સ જોતા મરણજનારના ફોટોગ્રાફ્સ લીધેલા છે તેમાં મરણજનારના મોઢામાં બટાકુ નાખેલુ હોય તેવુ સ્પષ્ટ જણાય છે. વધુમાં હાલના અરજદાર/આરોપી યુ.પી. મુકામે ચુંટણી લડવાના હતા તે અંગેના દસ્તાવેજો પણ મેળવેલા છે. વધુમાં મરણજનારના ઘરમાંથી હાલના અરજદાર/આરોપી તેમજ અન્ય સહઆરોપી નીકળતા હતા તે અંગેનો સી.સી. ટીવી ફુટેજ પોલીસે મેળવેલા છે. આમ પોલીસ એફીડેવીટ તથા પોલીસ પેપર્સ જોતા હાલના અરજદાર/આરોપીને ગુનામાં સાંકળવા માટેના પ્રથમ દર્શનીય પુરાવો મેળવેલા હોય આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ હોય આવા ગંભીર પ્રકારના ગુનામાં જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ નથી.

૬. વધુમાં હાલના અરજદાર/આરોપી મુળ ઉતરપ્રદેશના હોય અને બનાવ બાદ પણ તેઓ ભાગી ગયેલા હોય અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન હાજર રહે તેવી શકયતા જણાતી નથી જેથી પણ આરોપીને જામીન પર મુકત કરવા ન્યાયોચિત જણાતુ નથી.

૭. આમ ઉપરોકત સમગ્ર ચર્ચા કરી તે મુજબ આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોય તેમજ ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ ધ્યાને લેતા તથા આરોપી ઉતરપ્રદેશના રહીશ હોય જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન હાજર રહે એવી શકયતા જણાતી નથી તેમજ હાલના ગુનામાં અન્ય સહ આરોપીને પકડવાના બાકી છે, જેથી જો આરોપી જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેને પોલીસ પકડથી ભાગવામાં મદદ કરી શકે તેમ છે તથા સાહેદોને ધાકધમકી, પ્રલોભન આપે તેવી પણ શકયતા રહેલી છે, તે તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન પર મુકત

કરવા ન્યાયોચિત જણાતુ ન હોય, જેથી નીચે મુજબનો છેવટનો હુકમ કરવામા આવે છે.

**:: હુકમ ::**

**૧.** અરજદાર/આરોપી **કમલા પ્રસાદ રાજેશ હરિનારાયણ સંતુપ્રસાદ,** રહે.પુરાના થાના વિસ્તાર,નવાબ, પોસ્ટ–ચૌગોડવા, તા.નનપારા,જી.બહરાઈચનાઓની ભરૂચ એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૯૦૧૦૨૫૦૮૬૪/૨૦૨૫ થી બી.એન.એસ. ની કલમ–૧૦૩(૧), ૩૧૧, ૨૩૮(એ), ૬૧, ૧૨૩ મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

**૨.** આ હુકમની જાણ પોલીસ સ્ટેશનને કરવી.

**૩.** આ હુકમની એક નકલ સંબંધિત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપીન્ટેડન્ટ/જેલરશ્રીઆરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા.૧૬ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૬/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પી. એમ. સોની)**
પાંચમા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**કોડ નં. જી.જે.૦૦૭૪૭**